





ફોડી નાખે ચૂંટાયેલાને, તૈયાર ભાણે બેસી જાય!
વજનદાર જોઇને ગમે તેમ કરીને પેસી જાય!
પડાવી લીધા આખે આખા કોંગ્રેસના 'સરદાર'ને
છે છછુંદર એ ઝેરીલું ફૂંકી ફૂંકી ડસી જાય!
(સ્થાનિક સ્વરાજય સંસ્થામાં તોડફોડ)

ફૂટી ગ્યો ફુગ્ગો,
દક્ષિણ આફ્રિકામાં -
ધોવાયા ધોની..
(મંડેલા માટે, આશ્વાસન દીધું?!)

ઉડે આકાશે,
મૂકે ન પગ હવે
ધરતી પર!
(યશો-વિજયજી)




## ચિંતન

*નિષવતે પ્રશસ્તાનિ નિન્દિતાનિ ન સેવતે । અનાસ્તિકઃ શ્રદ્ધાન એતત્ પંડિત લક્ષણમ્ ॥ (૧)*
*યસ્ય કૃત્યં ન વિઘ્નન્તિ શીતમુષ્ણં ભયં રતિઃ । સમૃદ્ધિ રસમદ્ધિર્વા સ વૈ પંડિત ઉચ્યતે ॥*

વિદુરનીતિમાં પંડિત-જ્ઞાનીના લક્ષણ બતાવતાં કહ્યું છે કે :

જે સારાં કાર્યો-સત્કર્મોનું આચરણ કરે છે, ખરાબ-નિંદાત્મક કર્મોનું કદાપિ આચરણ કરતા નથી તેમજ ઇશ્વર અને ધર્મ પ્રત્યે આસ્તિક અને શ્રદ્ધાળુ છે એ જ જ્ઞાની-પંડિત છે. (૧)

જે ઠંડી-ગરમી, ભય-પ્રેમ, સમૃદ્ધિ અને ગરીબી-દારિદ્રય જેવા દ્વંદ્વ જેમના માર્ગમાં અડચણરૂપ બનતા નથી અને પોતાનું કાર્ય નિશ્ચિત લક્ષ્ય રૂપે કર્યા જ કરે છે તે પંડિત છે. (૨)

**ઇશ્વરીય તત્ત્વથી જાગૃત રહી એમાં જ શ્રદ્ધા-વિશ્વાસ રાખી, જે સદાય સત્કર્મો કર્યા** જ કરે એને જેની નિંદા થાય એવા દુરાચારી રસ્તે પગલું પણ ન પાડે એવા સદાચારીને જ પંડિત કહેવાય.

પંડિત સાચો કર્મયોગી હોય છે તે નિષ્ઠાથી પોતાની ફરજ કર્તવ્ય બજાવે છે તેના માર્ગમાં લોભ-લાલચ જેવી કોઇ આડખીલી આવે તો પણ તે ઉખેડી ફેંકી દે છે - તે સમદર્શી હોય, ટાઢ-તડકો ડર કે પ્રેમ, અમીરી-ગરીબી જેવા કોઇ પણ દ્વંદ્વ તેના માર્ગમાં રૂકાવટ નાખી શકતા નથી. આવા કર્મયોગીને જ જ્ઞાની પંડિત કહેવાય.

## સુવિચાર

- પોતાનો અહમ્ સંતોષવા કદી દલીલમાં ન ઉતરશો - ***જ્ઞાન સૂત્ર***
- જેમ જરૂરિયાત ઘટશે તેમ માનસિક શાંતિ વધશે - ***એસ. ભટ્ટાચાર્ય***
- સમંદર પી જવાની હરક્ષણે તાકાત રાખું છું, મને પડકારના સતત હું સજ્જ મારી જાત રાખું છું.. ઘટના જે પણ ઘટે ભીતર મારી, સતત જોયા કરું હું ને મને બાકાત રાખું છું. - ***ત્રિલોક મહેતા***
- 'નિરાંત' બજારમાં વેચાતી નથી મળતી, એ 'ચિંતન' થકી મળે છે - ***ધર્મસૂત્ર***
- ઘણીવાર હોંશિયારમાં હોંશિયાર માણસ જયારે હથિયાર હેઠા મુકી દે છે ત્યારે કોક અભણની કોઠાસૂઝ સમસ્યાનું સમાધાન કરી આપતી હોય છે - ***પન્નાલાલ પટેલ***
- અનાથ બાળકનાં દેખતા તમારા બાળકને કદી પ્રેમ ન કરતાં - ***મહમ્મદ પેગમ્બર***
- અહમ્ પોષાય છે ત્યારે આપણો અવાજ મોટો થઇ જાય છે.. અને અહમ્ દુભાય છે ત્યારે વડચકાં ભરીએ છીએ - ***ધૂમકેતુ***

*(સંકલન : દિપક વી. આસરા)*

## બોધ કથા

પરિસ્થિતિ આપણને અનુકૂળ ન હોય, કાબૂ બહાર હોઇ-આપત્તિ-મુશ્કેલીઓની આપણા પર ભીંસ હોય ત્યારે લડવાના-સામનો કરવાના-બચવાનાં ખોટા હવાતિયાં મારવાને બદલે પરિસ્થિતિ-સંજોગને તાબે થઇ-ધૈર્ય-હિંમતથી સહનશક્તિ કેળવવી જોઇએ. સાનુકૂળ સંજોગ થતાં જ પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકાય છે.

એક ગુરૂ શિષ્યમંડળ સાથે સાંજે નાહ્વા ગયા, ધોધનો પ્રવાહ ધસમસતો અને માર્ગ ખાડા-ટેકરાવાળો હતો. બધા મોટી મોટી શિલા પર બેસી સ્નાન કરતા હતા. ત્યાં ગુરૂજીનો પગ લપસ્યો અને જોરદાર પ્રવાહમાં તણાઇ ગયા. આ પ્રવાહ અને ખરબચડા વહેણમાં કોઇ જ શિષ્ય અંદર કૂદી ગુરૂજીને બચાવે એવી તો શક્યતા જ ન હતી. બધાએ સ્વીકારી લીધું ગુરૂજી પવિત્ર નદીમાં રામશરણ થયા. બધા આશ્રમે જઇ સૂઇ ગયા અને સવારે શોકસભા પછી-ગાદીવારસ નક્કી થશે એવું નક્કી થયું..

સવારના નિત્યક્રમ-પૂજા પાઠ પતાવી-ગુરૂજીની પ્રાર્થના સભા મળી-હજુ ભજન-કીર્તન ચાલતાં જ હતા ત્યાં ગુરૂજી સ્વયં જીવંત હાજર થયા. સૌએ આનંદ-વિભોર થઇ એમને વધાવ્યા અને ગુરૂપૂર્ણિમા જેવું જ એમનું પૂજન થયું.

આશીર્વચન સાથે ગુરૂજીએ ઘટનાનું વર્ણન કરતાં કહ્યું, તમે જાણતા હતા તેમ આ ધસમસતાં પ્રવાહમાં બચી શકાય તેવું તો હતું જ નહીં તેથી હું પણ તરતો તરતો એ પ્રવાહ સાથે તણાયો અને થોડીવારે વિશાળ પટ આવતાં એક નૌકા પાસે પહોંચી ગયો- અને બચી શકયો..

Email - sureshchandrabhatt18@gmail.com

# મયંક શહેરમાં જવાની તૈયારી કરતો હતો, નિમેષને આવેલ જોઇ તે જરા અટક્યો, બીજી બસ પકડી લઈશ, એમ વિચાર્યું, નિમેષ કંઇ રોજ રોજ આવતો નથી

**નવાં કલેવર**
***- નટવર હેડાઉ***

આ જમાનામાં કંઇ અશક્ય નથી. ડાબાની જગ્યાએ જમણા અંગને વેતરી નાંખવામાં આવે. કાનની જગ્યો નાકનું ઓપરેશન થઇ જાય. દવાખાનામાં બાળકોની અદલાબદલી થઇ જાય. આ બધું કંઇ અઘરૂં નથી.

**ના... ના... સરકાર કંઇ એવું થવા દે ખરી, જો હાથમાં આવી જાય** તો સસ્પેન્ડ કરી ના દે? પોતાની નોકરીને લાત કોણ મારે? છાપાઓમાં તેણે સરકાર તરફથી લેવાયેલ નિર્ણયની વાત વાંચી હતી. આ કામને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું હતું. કાયદાનું ઉલ્લંઘન થતાં દંડ અને સજા. બંને થઇ જાય.

પણ સજાના ભણથી કોણ ડરે? સજાની પરવા પણ કોણ કરે છે. બસ કમાણી થવી જોઇએ. દારૂ, ગાંજો, ભાંગ, અફીણ અહીં તો બધું જ છાનું છપનું વેચાય છે. બધા જ ખોટાં કામો માટે સજા નક્કી થયેલી જ છે. પણ કોઇ ડરતું નથી. ડરે પણ શા માટે, ઢગલો રૂપિયા આવા કામોમાં કમાઇ શકાય છે. તેમાં આ તો નાનું કામ છે. પણ એ પકડાઇ ગયો તો? સજા તો ખોટાં કામ કરવાવાળા અને કરાવવાવાળા બંનેને થાય`છે.

તો પછી શું કરવું? જો કરાવીએ તો ય મુસીબત અને ન કરાવીએ તો વધારે મુસીબત. ખેર! જોયું જશે... મયંક પાર પાડી દેશે. તેને નગરમાં ઘણી ઓળખાણો છે. છેવટે નિમેષ અને નિર્ણય પર આવી મયંકના ઘર તરફ ચાલી નીકળ્યો.

મયંક શહેરમાં જવાની તૈયારી કરતો હતો. નિમેષને આવેલ જોઇ તે જરા અટક્યો. બીજી બસ પકડી લઇશ. એમ વિચાર્યું. નિમેષ કંઇ રોજ રોજ આવતો નથી. મહિને કદાચ એકાદવાર ચક્કર મારી જાય છે. નિમેષે વિગતવાર પોતાની વાત કરી.

'તો પછી આજે જ મારી સાથે ચાલ. તારૂં કામ પતાવી આપીશ.' મયંકે કહ્યું. 'કેટલો ખર્ચ થશે? નિમેષે પોતાના ગજવાની હાલતનો અંદાઝ લગાવતા પુછ્યું.'

**'ભઇ ખર્ચો તો થાય જ ને! કોઇ રીતે વ્યવસ્થા કરી પૈસા સાથે લઇ** લેજે. જો વધારે હશે તો પાછા આવશે.' મયંકે કહ્યું. 'સારૂં તો હું પૈસાની **વ્યવસ્થા કરીને આવું છું. આજે જ જઇએ.'**, 'પણ આ પછીની બસ તો પકડવીજ પડશે હો' મયંકે યાદ દેવડાવ્યું.

હકારમાં માથું હલાવી નિમેષ ઘેર આવ્યો. જલ્દી તૈયાર થઇ જવા પત્નીને કહ્યું. ખાસ કામ અંગે શહેર જવાનું છે.'

'આ ત્રણ ત્રણ જણીઓને સાથે લઇ આપણે જાન જોડવાની નથી. **તેને અહીં સવિતા કાકીને ઘેર મુકી દે જે. અને નાનકી ઘોડિયામાં સુઇ** ગઇ છે ને. તેને જગાડી નવડાવી ધોવડાવી તૈયાર કર. તેનું ફ્રોક તે **દિવસની જેમ ગંદુ ન હોય તે જોજે. ધોયેલું પહેરાવજે.' નિમેષ જરા ગુસ્સે** થતાં બોલ્યો.

ભાગતાં ભાગતાં માંડ બસ પકડી. પણ સારૂં થયું કે બસ પકડાઇ ગઇ. એ સારાં શકન કહેવાય. એવું નિમેષ વિચાર્યું અને મયંકની બાજુની સીટમાં બેસીગયો. બસ દોડવા લાગી. ખાડા ટેકરા આવતાં રોદા આવતા હતા. બધા મુસાફરો સીટની આગળની પાઇપ પકડી ઉભડક બેઠા બેઠાં ડ્રાઇવરને જોતા હતા. પણ તેને ધીમે ચલાવવા માટે કોણ કહી શકે.

**બસ સ્ટેન્ડથી તેમણે રીક્ષા કરી લીધી. મયંકે કહ્યું તે મુજબ** રીક્ષાવાળાએ તેમને એ જગ્યાએ ઉતારી દીધાં. રીક્ષાવાળાને પૈસા આપતાં **નિમેષની નજર મયંક પર પડી. તે તેના પાકીટ તરફ જોતો હતો. બેટ્ટો** મયંક જૂએ છે કેટલો છે? તે કયાંક લાલચમાં આવી ન જાય. વચેટીયા **તરીકે કંઇ મારી ન ખાય. નિમેષના મગજમાં જાત જાતનાં વિચારો આવ્યા.**

'નિમેષ અંદરના ખિસ્સામાં પૈસા મુકી દે. નહીં તો ખિસ્સું કપાતાં અહીં વાર નહીં લાગે.' મયંકે કહ્યું એટલે નિમેષ સમજી ગયો.

અરે મેં બિચારા મયંક માટે કેવું વિચાર્યું. તે તો મારી બેદરકારી જોતો હતો. અને હું... મયંક તો મને મદદ કરી રહ્યો છે. મન ખાટું થઇ ગયું.

છેવટે ઘણીવાર સુધી રાહ જોયા પછી એ સામે આવી ગઇ. બોબકટ ટૂંકા વાળ, લાંબી ડોક, સાડીમાં તે બહુ સુંદર લાગતી હતી. તેને જોઇને નિમેષને વિશ્વાસ બેઠો.

મયંકે નિમેષને બહાર બેસવાનું કહી તેની સાથે તેની ચેમ્બરમાં ઘુસી ગયો.

'બધું નક્કી થઇ ગયું. તું નસીબદાર છે. નહીંતર આ દરેકને આવા કામ અંગે હા પાડી નથી.' મયંકે બહાર આવી હસતાં હસતાં કહ્યું. 'લેવડ-દેવડની વાત થઇ ગઇ ને?' તેને પોતાના મનની વાત કરી. ક્યાંક કામ થયા પછી પૈસા ઓછા ન પડે. 'હાં થઇ ગઇ. થોડામાં જ માની ગઇ.' મયંકે જાણે પોતાની પીઠ થપથપાવતા કહ્યું.

'થોડીવાર પછી આપણને બોલાવી લેશે.' મયંકે ફરીથી કહ્યું.

'જો કે એકવાર મારી સાથે તું વાત કરાવી દે તો સંતોષ થઇ જાય.' નિમેષે પોતાની હોંશિયારી બતાવી.

ખોળામાં છોકરીએ પેશાબ કરી દીધેલો. નિમેષના કપડાં પર જ. તેણે છોકરીને પાટલી પર બેઠેલી નિશાને પકડાવી. અને મયંકની નજીક આવ્યો. કોણ જાણે શું વાત થઇ હોય. પૈસા હું આપું ને વાત મયંક કરે? પણ તેની વિના મારૂં કામ થવું પણ મુશ્કેલ તો હતું જ ને.

મયંકને ખબર પડી ગઇ કે નિમેષના મગજમાં શું ચાલી રહ્યું છે.

'સારૂં' ચાલ કહી એ ચેમ્બરમાં ઘુસ્યો. નિમેષ પણ તેની પાછળ પાછળ ગયો.

અંદર એક માણસ તેની સાથે વાત કરી રહ્યો હતો. તે બંને એકબાજુ ઊભા રહી ગયા. પેલા માણસ અને લેડી ડોકટર વચ્ચે કંઇક વાદવિવાદ થઇ રહ્યો હતો. તે કામ કરવા માટે ના પાડતી હતી. અને પેલો માણસ કહેતો હતો કે પહેલાં પૈસા આપ્યા છે, તો કામ તો કરવું જ પડશે. તે બહુ સમજાવી રહી હતી. પણ એ માણસ માનવા તૈયાર ન હતો. નિમેષને શંકા થઇ. **ક્યાંક અમારે પણ આવું તો નહીં થાય ને! આ સ્ત્રી સાથે આ માણસને શું** વાત થઇ હશે! એકદમ નિમેષના મનમાં વિચાર આવ્યો. આ માણસને પુછી ને જ જાણી લેવાશે. એમ વિચારી એ ચેમ્બરની બહાર આવી ગયો.

થોડીવાર પછી પેલો માણસ બહાર નીકળ્યો. તેના બહાર નીકળતાની સાથે જ એક સુંદર લાગતી સ્ત્રી તેની પાસે આવી. નિમેષને ઝટકો લાગ્યો. પણ ખરેખર વાત શું હતી એ તો પુછવું જ હતું.

'ભાઇ તમારે શું થયું? કંઇ કહો તો ખરા!' નિમેષે તેને પુછી જ લીધું.

'તમે પણ આવા જ કામે આવ્યા છો?' પેલા માણસે પુછ્યું.' નિમેષે હકારમાં માથું હલાવ્યું.' 'શું થાય યાર, કોઇની વાત પર વિશ્વાસ મુકી શકાય તેમ નથી. હા પાડીને હવે ફરી ગઇ.' પેલા માણસે કહ્યું. 'એ તો બરાબર, પણ વાત શું બની? કઇ વાતે ના પાડે છે?' નિમેષ જલ્દી કોઇ નિષ્કર્ષ પર પહોંચવા માગતો હતો. યાર, મેં મારી ઘરવાળીની તપાસ કરાવી. પેટમાં બાળક છે અને એ ભૃણ છોકરાનું છે.' તે બોલ્યો.

'તો.. પછી?' નિમેષે આશ્ચર્યથી પુછ્યું. 'પછી શું, અમારે અત્યારે બાળક જોઇતું નથી. તેથી અમે પડાવી દેવા માગતા હતા.' તેણે કહ્યું.

'કેમ! છોકરો અને તે પહેલાં ખોળાનો, એથી વધું શું જોઇએ? શા માટે પડાવી નાંખવા માંગો છો? આવું થાય?' નિમેષે તેમની તરફ જોયું. 'નહીં યાર અમે બંનેએ પહેલેથી નક્કી કર્યું છે કે અમે એક જ બાળક થવા દઇશું અને એ પણ બાળકી.' તેણે પોતાનો નિર્ણય જણાવ્યો. નિમેષ તો અવાક્ થઇ ગયો. ઘણીવાર સુધી એ કંઇ બોલી શકે તેમ ન હતો. 'ચાલો અમે તો અમારો નિર્ણય નહીં બદલીએ. કોઇ બીજા દવાખાનામાં જઇ કામ પતાવીશું.' પેલા માણસે પાસે ઊભેલી પોતાની પત્ની તરફ જોતાં કહ્યું.

નિમેષ પણ નિશાની પાસે ગયો. તેના પેટમાં ઉછરી રહેલી બાળકી હવે તેને બોજારૂપ લાગી નહીં. નિમેષે નિશાને પાછા વળી જવા માટે કહ્યું, મયંક ચેમ્બરમાં બેસીને ડોકટર સાથે વાત કરતો હતો.

- vanvihari@gmail.com

# પિયરથી સાસરૂં...!! બદલાતું સરનામું ને સરનેમ...!!

## લગ્ન એટલે માત્ર ગુલાબી સ્વપ્ન નહીં, લગ્ન એટલે માત્ર પોતાનાં સ્વીટહાર્ટ સાથે રહેવું નહીં, પણ એથી વિશેષ લગ્ન એટલે જવાબદારી, ત્યાગ, તડજોડ પર ઉભેલી એક સંસ્થા




hellogandhinagar@gmail.com

લગ્નની મોસમ પુરબહારમાં ખીલી છે, કોડભરી કન્યા અનેક અરમાન સાથે પિયરને પારકું બનાવી સાસરે સુંદર સંસાર રચવાં પ્રણાય કરે છે. નવવિવાહિત એક કન્યાએ લખેલો એની મમ્મીને પત્ર પિયર-સાસરાનો ભેદ-મહત્ત્વ સમજાવે છે.

**પ્રિય મમ્મી,**

લગ્નને એક મહિનો વીતી ગયો. હું સાસરે તો આવી ગઇ પણ મારૂં બાળપણ તો તારાં ખોળામાં જ રહી ગયું. 8 GB ની પેનડ્રાઇવમાં થોડી જગ્યા ઓછી પડી નહોતી તો હું આખું બાળપણ એક ફોલ્ડરમાં નાંખીને લઇ આવત. તારા ખોળામાં માથું માંખીને સુઇ જતી હતી એ સમય સોનાનો હતો. અને એટલે જ એ ચોરાઇ ગયો. સોનાની વસ્તુઓ પહેલેથી જ હું સાચવી શકતી નથી. ઘરે હતી ત્યારે તું ગોતી આપતી હતી. સાસરે આવ્યાં પછી મારી જાત જ મને મળતી નથી, ત્યારે બીજી વસ્તુઓ તો કયાંથી મળે?

ભણવામાં તારી કરેલી મદદ, જમવાની કાળજી, કામ માટેની કચકચ, સાફસફાઇની ટ્રેનિંગ એ વખતે બધું નહોતું ગમતું. તારી બધી વાતો અજબ લાગતી. તારી ટોકવાની વાતો અકળાવતી, બહેનપણીઓ વચ્ચે આની ચર્ચા થતી તારાં વિશે કદાચ ન કરવાની કોમેન્ટ કરી હશે... અને આજે એ વાતોની રીલ જયારે નજર સામેથી ફરે છે ત્યારે દરેક વાતની મહત્ત્વતા સમજાય છે અને ભારોભાર પશ્ચાતાપની લાગણી અનુભવાય છે.



દરેક યુવતીની જેમ મને પણ લગ્નની બાબતે નાનપણથી જ ઉત્સુકતા હતી. મારા રાજકુમારનાં સ્વપ્નાં જોતી હતી. પણ આજે મને અહેસાસ થાય છે કે લગ્ન એટલે માત્ર ગુલાબી સ્વપ્ના નથી, લગ્ન એટલે માત્ર પોતાનાં સ્વીટહાર્ટ સાથે રહેવાની વાત પણ નથી, પણ લગ્ન એટલે જવાબદારી, ત્યાગ અને તડજોડ પર ઊભેલી એક સંસ્થા છે એવું જ લાગે છે.

મમ્મી હવે હું જોઇએ તેટલા સમય સુઇ નથી શકતી. મારે સૌથી પહેલાં જાગવું જરૂરી છે. હું ગંદીગોબરી, અસ્તવ્યસ્ત ઘરમાં ફરી શકતી નથી. મારે સાફ-સુથરી, ટાપટીપ રહેવું જરૂરી છે. હું જયારે ઇચ્છા થાય ત્યારે આડે પડખે થઇ શકતી થી. હું જોઇએ એટલો સમય તારી સાથે ફોન પર વાત કરી શકતી નથી... મને એકાદી રાજકુમારી જેવી સુવિધા મળે એવું નથી કહેતી પણ મારે મારાં ઘરનાની ફિકર કરવી મહત્ત્વની છે. મારે જોઇએ ત્યારે, એ સમયે, એ જગ્યાએ મનને ઇચ્છા પડે ત્યાં જઇ શકતી નથી, એટલે તારા ત્યાં પણ નહીં...

એક દિવસ મેં મારા મનને જ પુછ્યું, 'મેં શા માટે લગ્ન કર્યું હશે?' હું ખુબ ખુશ હતી અલી તારી જોડે. મને તારાં ત્યાં આવવાની ખુબ ઇચ્છા થાય છે. તારી સાથે ખુબ વાતો કરવી છે. તું રોજ સવારે માતા પરથી હાથે ફેરવીને મને ઉઠાડતી, હવે મારે અલાર્મ મુકવું પડે છે. તે મને ટ્રેઇન કરી છે, એવી જ રીતે મારી આંખોને પણ તે ટ્રેઇન કરી છે. એટલે મારી આંખો જાહેરમાં રડતી નથી. સતત અસ્તવ્યસ્ત મારાં કારણે રહેતું ઘર, આજે આ નવાં ઘરમાં બધાંની અસ્તવ્યસ્તતા માટે સરખી કરવી પડે છે...

મારે ઘરે આવવું છે, તારા હાથનું જમવું છે, ઇડલી-સાંભર, ઢોસા, સેન્ડવીચ અને દાલ-બાટી સાથે ગુલાબજાંબુ. મારે બધાં સગાવહાલાંને મળવું છે અને મારાં સાસરીનાં અવનવાં કિસ્સા કહેવાં છે. મારી પાસે કહેવા જેવું ઘણું છે, પણ આજે સાંભળવા કોઇ નથી, મારી મમ્મી તો મારી બધી જ વાતો સાંભળી લે છે...

પણ પછી મને અચાનક યાદ આવે છે, મમ્મી તેં પણ તો લગ્ન કર્યું જ છે ને? તેં પણ પિયરથી સાસરીની વાટે સરનામું અને સરનેમ બદલી જ છે ને? તેં કુટુંબ માટે કેટલો ત્યાગ કર્યો છે. જે છે એમાં કેટલો સંતોષ રાખ્યો. પપ્પાને મદદરૂપ થવાં તે અમને - ઘરને સાચવીને નોકરી કરી જ છે ને? તેં કયારેય દાગીના માટે કપડાં માટે જીદ કરી નથી. આપણું નવું ઘર લીધું ત્યારે મને યાદ છે કે તે બધાં દાગીના ગીરવે મુક્યા હતા. અમે ખુબ ભણીએ માટે તે અને પપ્પાએ કેટલો શ્રમ કર્યો હતો. તમે બંનેએ સમજીને સંસાર ના કર્યો હોત તો આજે મારી પાસે જે મીઠાં સંસ્મરણો છે, એ કદાચ ના હોત!!


બધું યાદ આવતાં હું શાંત થાઉં છું એન મારાં સાસરે હોવાનો મને ખરો અર્થ સમજાય છે. છોકરીને પિયર મળે એ માટે જો તો મમ્મી સાસરે મળી જતી હોય છે, કેમ ખરૂં ને? સમય એ દરેક વાતની દવા છે અને મને ખાત્રી છે કે જેમ જેમ સમય પસાર એમ અમારો સંસાર ખીલી ઉઠશે અને હું આ બધાથી ટેવાઇ જઇશ. અને લગ્ન પછીની જિંદગી ગમવા લાગશે ધીમે ધીમે... તેં અને પપ્પાએ કરેલા ત્યાગ, જવાબદારી અને તડજોડ બદલ્ શત્ શત્ પ્રણામ. તમારો સંસાર મારા માટે પ્રેરણા દાગી બનશે અને મારી હિંમત વધારશે... બાય મમ્મી...

**તારી વ્હાલી દિકરી**

***ચૂંટલો :***

સાસરે આવ્યાં પછી જ પિયરની અને મા-બાપે કરેલાં ત્યાગ-સમર્પણની કિંમત સમજાતી હોય છે. સાસરે આવ્યાં બાદ કન્યાની દુનિયા બદલાતી હોય છે. ફુલ-ગુલાબી રંગીન સ્વપ્ના સાથે વાસ્તવિકતાની તડજોડ-સમજદારપણું સંસારને કંસારમય બનાવે છે.

# રાજકારણ : કેમ ગમે છે? કેમ નથી ગમતું?




આમ તો "રાજનીતિ" શબ્દ મહાભારતકાળ જેટલો જૂનો છે. આ શબ્દ શ્રીમદ્ ભગવત ગીતામાં પણ છે. મહાભારતમાં જે છે તે આખી દુનિયામાં છે અને મહાભારતમાં નથી એવું દુનિયામાં ક્યાંય નથી. ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, પિતા-દાદા, મામા-ભાણા, જેઠાણી-દેરાણી અને બીજાં તમામ પ્રકારનાં સંબંધની વાત આ ગ્રંથમાં છે અને એમાં સર્વત્ર રાજનીતિ જ છે. જીવન ખુદ એક રાજનીતિ હોય છે. તમારી તક બીજો કોઈ ઝૂંટવી જાય અને તમે હાથ ઘસતા રહી જાઓ, બીજાની તક ઝૂંટવી લેવાની રાહ જોતા જોતા. એનું નામ પણ રાજનીતિ જ છે ને?

ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલે "રાજનીતિ" વિશે ઘણું બધું લખ્યું છે. ઈસવીસન પૂર્વેના ૩૮૪ના વર્ષમાં એરિસ્ટોટલનો જન્મ અને ઈસવીસન પૂર્વેના ૩૨૨મા વર્ષે નિધન. આમ ૬૨ વર્ષના જીવનકાળમાં એરિસ્ટોટલે કળા, સાહિત્ય, સંગીત, તર્કશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન એમ ઘણા બધા વિષયો ઉપર લખ્યું. એરિસ્ટોટલે લખ્યું છે કે "તમે રાજનીતિને ચાહો કે ધિક્કારો, એનો અનાદર કરી શકો નહીં. રાજનીતિ જીવનનો એક હિસ્સો બની જતી હોય છે."

ચાણક્યએ પણ કહ્યું છે કે "રાજનીતિ એટલે કૂટનીતિ નહીં પરંતુ સાવ સાહજિક વ્યવહાર અને વર્તન." ઈસવીસન પૂર્વેના ૩૭૦ના વર્ષમાં ચાણક્યનો જન્મ અને ઈસવીસન પૂર્વેના ૨૮૩મા વર્ષે તેમનું નિધન. વિષ્ણુગુપ્તે ચાણક્ય ઉપનામથી રાજનીતિ વિશે અને કૌટિલ્ય ઉપનામથી અર્થશાસ્ત્ર વિશે ખુબ લખ્યું છે. તક્ષશિલા વિદ્યાપીઠના વિદ્વાન ગુરુ ચાણક્યના મતે રાજનીતિ ઘર-ઘરમાં હોય છે. એવું કોઈ ઘર કે પરિવાર ન હોઈ શકે કે જ્યાં રાજનીતિ જોવા ન મળે.

તમને રાજકારણ ગમે છે? નથી ગમતું? કેમ ગમે છે? અને કેમ નથી ગમતું? એની પણ વાત કરીએ. ઘર હોય કે ઓફિસ, કંપની હોય કે કારખાનું, વિમાન હોય કે વહાણની મુસાફરી. અત્ર, તત્ર, સર્વત્ર રાજનીતિની હાજરી હોય જ. આપણે તેને પારખી ન શકીએ તો એ જુદી વાત છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટ ફેસબૂકમાં પ્રોફાઈલ બનાવતી વખતે તમને તમારા પોલિટિકલ વ્યૂઝ વિશે પૂછવામાં આવે છે. મોટા ભાગના એફ.બી. યુઝર્સ્ "નોટ ઈન્ટરેસ્ટેડ" એટલે કે રાજકાજમાં રસ નથી, એવું લખતા ને દર્શાવતા હોય છે. આ એક એવી રમત છે કે જે દરેક જણ ખેલતા હોય છે અને પોતે પાછા ખરેખર સાવ ભોળા પણ હોય છે કે જેથી પોતે કરેલી ક્રિયા – ઍક્ટ એ "રાજનીતિ" છે, એવી ખબર પણ ન હોય.

એફ.બી. ઉપર પોતાની પોસ્ટને વધારે લાઈક મળે એ માટે કરવામાં આવતા કીમિયા યા ગિમિક્સ્ એ શું રાજનીતિ નથી? બહેન પોતાના ભાઈ પ્રત્યેના પ્રેમના કારણે અમુક ચીજ ખરીદવાની તક ભાઈને આપી દે એવું વાતાવરણ ઉભું કરનાર ભાઈની એ રાજનીતિ નથી? દુકાનમાં ગ્રાહકને જોઈતી વસ્તુ હોવા છતા સ્ટોક નથી એમ કહીને વધુ કિંમતની અન્ય બ્રાન્ડની વસ્તુ વેચવી, એ વેપારીની રાજનીતિ નથી? રાહ ભૂલેલાને ખોટા રસ્તે ધકેલી દેવો અને મજા લેવી એ શું રાજનીતિ નથી? ફ્રેન્ડ પાસે ઍક્ઝામની આઈ.એમ.પી. આવી ગઈ હોય તે બીજા ફ્રેન્ડ સાથે શૅર કરવાથી પેલો ફ્રેન્ડ ભણવામાં આગળ નીકળી જશે એવી બીક રાખીને તેને ભળતા જ પ્રશ્નો – આઈ.એમ.પી. આપીને તેને નુકસાન પહોંચાડવું એ શું રાજનીતિ નથી. એક કર્મચારી પોતાની ભૂલ કે પોતાના હાથે બગડેલું કામ સિફતપૂર્વક બીજા કર્મચારીના નામે ચઢાવી દઈને પોતે દોષમુક્ત હોવાનો દેખાવ કરે એ શું રાજનીતિ નથી?

એક બિઝનેસમેન બીજા બિઝનેસમેનને – એક ધારાશાસ્ત્રી બીજા ધારાશાસ્ત્રીને – એક પત્રકાર, સાહિત્યકાર બીજા પત્રકાર, સાહિત્યકારને અને એક તબીબ બીજા તબીબને નુકસાન પહોંચાડે અને નુકસાનનો ભોગ બનેલાને ઘણા વખત પછી ખબર પડે તો શું આ રાજનીતિ નથી? રાજનીતિ ક્યાં નથી? જેમને રાજકારણ યા રાજનીતિ નથી ગમતી એમણે વિચારવું જોઈએ કે તેમને ક્યારેકને ક્યારેક તો ભોગ બનવાનું અથવા બીજાને ભોગ બનાવવાનું આવ્યું જ હોય છે. આથી અહીં દંભને અવકાશ જ નથી. એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પોતે જે કંપની માટે કામ કરે છે એ કંપનીના કોન્ફિડેન્સિયલ ડેટા તેની હરીફ કંપનીને અમુક રકમની ઓફર મળવાથી આપી દે છે, એ શું રાજનીતિ નથી?

મહત્વની વાત તો એ છે કે રાજનેતા – રાજકારણી તો નેતા છે અને નેતાગીરી યા રાજનીતિ કરે છે. એટલે કે સીધી સાદી વાત છે કે આ તો તેઓએ અપનાવેલી અને સ્વીકારેલી જગજાહેર પ્રવૃત્તિ છે. જેમાં કોઈ દંભ નથી કે તેમણે રાજનીતિ કરી એમાં તેમના પક્ષે કશું છુપાવવાનું નથી. પરંતુ જે લોકો દુનિયાની નજરમાં કવિ, લેખક, પત્રકાર, સાહિત્યકાર, ધારાશાસ્ત્રી, તબીબ, વૈજ્ઞાનિક, શિક્ષક, પ્રાધ્યાપક, અધિકારી, વિદ્યાર્થી, વેપારી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે પછી પત્ની, પિતા, પતિ, માતા, પુત્ર, બહેન કે ભાઈ હોય અને રાજનીતિ કરે તો? બે મોંઢાના માણસો કહી શકાય? જે લોકો સમાજની નજરમાં વેપારી યા ઉદ્યોગપતિ યા અધ્યાપક કે અધિકારી છે અને વર્તનમાં રાજનીતિ ખેલતા હોય એવા લોકોને તમે શું કહેશો?

રાજનીતિ – પોલિટિક્સ આમ તો ગ્રીક શબ્દ છે. રાજનીતિનો અર્થ છે, નાગરિકો માટે, નાગરિકો થકી અને નાગરિકો દ્વારા. આ શબ્દમાં વહીવટી તંત્ર દ્વારા નાગરિકો માટેનું સુશાસન અને સુશાસનમાં નાગરિકોની સામેલગીરીનો પણ સમાવેશ થઈ જાય છે. જેમાં નાગરિકો સત્તા અને સહમતી દ્વારા સુશાસન ચલાવે. આ વ્યવસ્થા કોઈ ઘર યા કંપની યા રાજ્ય યા પક્ષ યા આંતરરાષ્ટ્રીય ફોરમના સ્તરે પણ હોઈ શકે. પ્રજા વતી મંત્રણા કરનારને નેતાના રુપમાં જોવામાં આવે છે.

એક પરિવારનો કિસ્સો છે. મા-બાપને એકનો એક દીકરો છે. લગ્ન પછી દીકરાને પુત્રવધૂ જુદા રહેવા જવા દબાણ કરે છે. દીકરો શું કરે? અમદાવાદ જેવા એક જ શહેરમાં જુદા રહેવા જાય તો સમાજમાં આબરુનું શું? દીકરાએ બહુ સરસ રસ્તો ખોળી કાઢ્યો.

***(અનુસંધાન પાના નં. ૬ પર)***